નામદાર સુપ્રિમ કોર્ટે SUO MOTO WRIT (CRL) NO.(S) 11/2017 માં ઠરાવેલ પ્રોફોર્મા મુજબ:–

**આંક –**

**ફોર્મ–એ**

| | |
|---|---|
| **અમદાવાદ (ગ્રામ્ય)ના ચોથા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, નવરંગપુરા, અમદાવાદ.**<br><br>**દિપેન દિલીપકુમાર બુધ્ધદેવ, ચોથા એડીશ્નલ સેશન્સ જજ.**<br>**(ચુકાદાની તારીખ : ૨૫/૦૩/૨૦૨૬)**<br>**(સેશન્સ કેસ નં.૧૭૩/૨૦૨૪ )**<br>**(એફ.આઇ.આર. ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન)**<br>**ઘાટલોડિયા પોલીસ સ્ટેશન પાર્ટ બી ગુ.ર.નં. ૧૧૧૯૧૦૪૪૨૨૦૨૩૨/૨૦૨૨.**<br>**ગુન્હો :– ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૭, ૩૨૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબ.**<br><br>**પોલીસ સ્ટેશન– ઘાટલોડિયા પો.સ્ટે. અમદાવાદ શહેર** | |
| ફરીયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>( મુળ ફરીયાદી સિધ્ધાર્થ રાજેન્દ્રકુમાર ચુડગર) |
| સરકાર તરફે સરકારી વકીલશ્રી | અધિક જીલ્લા સરકારી વકીલશ્રી<br>એ.એમ.ગુલાબાની |
| આરોપી | દેવદત્ત કલ્પેશભાઇ શાહ<br>રહે. પર, શ્યામસુંદર રો હાઉસ,<br>માનવ મંદિરની પાછળ, મેમનગર,<br>અમદાવાદ. |
| આરોપી તર્ફે વિ.વ.શ્રી | એમ.આર. વૈદ્ય |

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૪/૦૩/૨૦૨૨ |

| | |
|---|---|
| ફરીયાદની તારીખ | ૨૪/૦૩/૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ | ૦૪/૦૭/૨૦૨૪ |
| તહોમત ફરમાવ્યા તારીખ | ૨૩/૦૪/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયા તારીખ | ૦૫/૦૮/૨૦૨૫ |
| ચૂકાદો સંરક્ષિત રાખ્યા તારીખ | ૧/૦૩/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૨૫ /૦૩/૨૦૨૬ |
| સજાનો હુકમ, જો હોય તો, | --- |

## આરોપીઓની વિગત :-

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે. | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર | શું સજા કરી | સીઆર. પી. સી. ની કલમ- ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવાં સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | દેવદત્ત કલ્પેશભાઇ શાહ રહે. ૫૨, શ્યામસુંદર રો હાઉસ, માનવ મંદિરની પાછળ, મેમનગર, અમદાવાદ. | ૨૮/૦૨/૨૦૨૩ | ૧૫/૦૩/૨૦૨૩ | ઇ.પી.કો. કલમ- ૩૦૭, ૩૨૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટ ની કલમ- ૧૩૫(૧) | નિર્દોષ | - | |

## :ફોર્મ- સી.
## ફરીયાદ પક્ષના સાહેદોનુ લીસ્ટ

## ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખિક પુરાવો :-

| અ.નં. | આંક | નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|---|
| ૧. | ૧૧ | સિધ્ધાર્થ રાજેન્દ્રકુમાર ચુડગર | ફરીયાદી |
| ૨. | ૨૬ | મુકતાબેન ભાવચંદ્ર મિસ્ત્રી | ત.ક.અધિકારી |
| ૩. | ૨૮ | યુવરાજસિંહ રણજીતસિંહ વાઘેલા | ત.ક.અધિકારી |

| | | | |
|---|---|---|---|
| ૪. | ૨૯ | રામજી જીવાજી ચૌધરી | ત.ક.અધિકારી |

**<u>ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો :–</u>**

| અનુક્રમ નંબર | આંક નો નંબર | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૩ | ટેલીફોનિક વર્ધી |
| ૨. | ૧૪ | એનેક્ષર–૯ |
| ૩. | ૧૫ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૪. | ૧૬ | ફરીયાદીના કપડા કબજે કર્યાનુ પંચનામુ |
| ૫. | ૧૭ | ગુન્હાવાળી જગ્યાએ સ્થળ પરિક્ષણ કરવા માટે કરેલ યાદી |
| ૬. | ૧૮ | સ્થળ પરિક્ષણ અહેવાલ |
| ૭. | ૧૯ | બ્લડ સેમ્પલ એનાલીસીસ પોલીસ યાદી |
| ૮. | ૨૦ | ફરીયાદીનુ બ્લડ સેમ્પલ કબજે કર્યાનુ પંચનામુ |
| ૯. | ૨૧ | સીડીઆર રીપોર્ટ |
| ૧૦. | ૨૨ | એનેક્ષર |
| ૧૧. | ૨૩ | સિધ્ધાર્થ નુ એમએલસી સર્ટી |
| ૧૨. | ૩૧ | જાહેરનામુ |
| ૧૩. | ૩૨ | સુચિપત્ર |
| ૧૪. | ૩૩ | કલોઝીંગ પુરસીશ |

## <u>– : ચુ કા દો : –</u>

**<u>પ્રસ્તાવના :</u>**

(૧) આ કામે ઉપર જણાવેલ તહોમતદાર વિરૂધ્ધ ઘાટલોડિયા પોલીસ સ્ટેશન, પાર્ટ બી ગુન્હા રજી. નં.૧૧૧૯૧૦૪૪૨૨૦૨૩૨/૨૦૨૨, ઇ.પી.કો. કલમ–૩૦૭, ૩૨૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ ની કલમ– ૧૩૫(૧) થી દાખલ કરવામાં આવેલો. ત્યારબાદ તે ગુન્હાના કામે તપાસ થયા બાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ઉપરોકત

ગુન્હા અન્વયેનુ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. સદરહુ કેસ અત્રેની અદાલત સમક્ષ કમીટ થયેલ છે.

**<u>ફરીયાદની ટૂંકમાં હકીકત :</u>**

(૨) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૨૪/૦૩/૨૦૨૨ ના કલાક ૧૦:૧૫ વાગ્યાના સુમારે ફરીયાદી શ્યામ સુંદર રો હાઉસના ઝાંપાની બાજુમાંથી ચાલતા પસાર થતા હતા તે સમયે તેમની પાછળની સાઈડે ફોરમ ફલેટ તરફથી નાસતા ફરતા આરોપીઓ તેઓનુ મોટરસાયકલ એકદમ ફરીયાદી પાસેથી લાવી મોટરસાયકલની પાછળ બેસેલ ઈસમે તેના હાથમાં રહેલ લોખંડના છરાથી ફરીયાદીનુ મોત નિપજાવવાના ઈરાદે તેમના ઉપર એકદમ ધારદાર છરાથી હુમલો કરી અને તે છરો ફરીયાદીના પેટના ભાગે મારવા જતા તે સમયે એક ફોરવ્હીલ ગાડી રીવર્સ ટર્ન મારતી હોય તેથી તેમનુ મોટરસાયકલ ત્રાસુ થઈ જતા ફરીયાદીને તે છરાનો ઘા પીઠના ભાગે મારી નાસી ગયેલ તે સમયે આ કામના આરોપીનાઓ શ્યામ સુંદર રો હાઉસના ઝાંપા આગળ આવી ફરીયાદીએ અગાઉ કરેલ પોલીસ ફરીયાદની અદાવત રાખી કહેલ કે આજે તને જાનથી મારી નાખવાનો હતો પણ તુ આજે બચી ગયો અને હવે ફરીથી બચીશ નહી અને તને તથા તારા ભાઈને જાનથી મારી નાખવાના છે વિગેરે ધમકીઓ આપી ગુન્હો કરેલ છે.

(૩) ફરીયાદીની ઉપરોકત ફરીયાદના આધારે હાલના આરોપી વિરૂધ્ધ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન, પાર્ટ બી ગુન્હા રજી. નં.૧૧૧૯૧૦૪૪૨૨૦૨૩૨/૨૦૨૨, ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૭, ૩૨૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબનો ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલ અને ગુન્હાની તપાસ પોલીસ

સબ ઈન્સ્પેકટરશ્રી એમ.આર.મિસ્ત્રીનાએ ત્યારબાદ પો.ઈ.શ્રી વાય.આર.વાઘેલાનાએ સંભાળી લીધેલ અને પો.ઈ.શ્રી આર.જે.ચૌધરીનાએ હાલના ગુન્હાની તપાસના અંતે હાલના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા પુરતો પુરાવો મળી આવતા, ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૭, ૩૨૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબનુ ચાર્જશીટ, અમદાવાદ (ગ્રામ્ય)ના સાતમા એડી.જયુ.મેજી.ફ.ક.શ્રી સમક્ષ તા.૦૩/૦૬/૨૦૨૩ ના રોજ દાખલ કરેલ.

(૪) હાલના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ થતા, અમદાવાદ (ગ્રામ્ય) ના સાતમા એડી.સીવીલ જજશ્રી નાઓએ આરોપીને તેમની રૂબરૂ હાજર કરી જવાબ નોંધી, તથા આરોપીને તેમની રૂબરૂ હાજર કરી આરોપીને તેઓની સામેના પોલીસ કેસના તમામ કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૮ અન્વયે મળ્યા અંગેની ખરાઈ કરી, તેઓ તેમના બચાવમાં સરકારી વકીલ રોકવા માંગે છે કે ખાનગી વકીલ તે અંગે પૂછતાં, તેઓ સ્વખર્ચે વકીલ રોકવાના છે તેવુ પુરશીસ આપી જાહેર કરેલ છે. ત્યારબાદ સદર કેસ સેશન્સ ટ્રાયેબલ કેસ હોવાથી અને સાતમા એડી.જયુ.મેજી.ફ.ક.શ્રીને આ ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ન હોવાથી, સદર કેસમાં કમીટલ હુકમ કરી, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ અન્વયે હાલનો કેસ કમીટ કરી અત્રેની સેશન્સ અદાલત તરફ મોકલી આપેલ, જે આધારે સદર કેસ સેશન્સ કેસ નં.૧૭૩/૨૦૨૪ આપી, રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૫) સદર કેસ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેની કોર્ટમાં આવતા, અત્રેની કોર્ટે હાલના કેસ નં.૧૭૩/૨૦૨૪ ના આરોપીઓ વિરૂધ્ધ આંક–૦૬ થી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૭, ૩૨૪,

૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓ સબબનુ તહોમતનામુ ફરમાવી, આરોપીને સદર તહોમતનામુ વાંચી, સંભળાવી, સમજાવી તે અંગે આરોપીનો આંક–૦૭ થી જવાબ નોંધતા, આરોપીએ તેઓની સામેના તહોમતોનો ઈન્કાર કરતાં, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૩૧૩ મુજબનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

(૬) ફરીયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનુ વર્ણન આ ચુકાદામાં આગળ ''ફોર્મ–સી'' ના ફોર્મેટમાં કરેલ છે, જેથી પુરાવાના વર્ણનનુ પુનરાવર્તન ટાળવાના શુભ હેતુથી અત્રે પુરાવાનુ વર્ણન કરવામાં આવતુ નથી, જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૭) બંને પક્ષોની દલીલો તેમજ રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતાં, આ કેસના આખરી નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**– : મુદ્દા : –**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, તા.૨૪/૦૩/૨૦૨૨ ના કલાક ૧૦:૧૫ વાગ્યાના સુમારે ફરીયાદી શ્યામ સુંદર રો હાઉસના ઝાંપાની બાજુમાંથી ચાલતા પસાર થતા હતા તે સમયે તેમની પાછળની સાઈડે ફોરમ ફલેટ તરફથી નાસતા ફરતા આરોપીઓ તેઓનુ મોટરસાયકલ એકદમ ફરીયાદી પાસેથી લાવી મોટરસાયકલની પાછળ બેસેલ ઈસમે તેના હાથમાં રહેલ લોખંડના છરાથી ફરીયાદીનુ મોત નિપજાવવાના ઈરાદે તેમના ઉપર એકદમ ધારદાર છરાથી હુમલો કરતા તે

છરાનો ઘા પીઠના ભાગે મારી ઈજા કરી નાસી ગયેલ તે સમયે આ કામના આરોપીએ શ્યામ સુંદર રો હાઉસના ઝાંપા આગળ આવી ફરીયાદીએ અગાઉ કરેલ પોલીસ ફરીયાદની અદાવત રાખી કહેલ કે તને જાનથી મારી નાખવાનો હતો પણ તુ આજે બચી ગયો અને હવે ફરીથી બચીશ નહી અને તને તથા તારા ભાઇને જાનથી મારી નાખવાના છે તેવી ધમકી આપી ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૦૭, ૩૨૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ- ૧૩૫(૧) મુજબ ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ – નકારમાં.

મુદ્દા નં.૨ – આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

## કા ર ણો

(૧૦) આ કામે મુદ્દાના નિર્ણયો માટેના કારણોની ચર્ચા કરતાં પહેલાં, આ કામે ફરીયાદ પક્ષે તથા બચાવ પક્ષે થયેલ મૌખિક દલીલોની ચર્ચા કરવી અત્રે ઉચિત જણાય છે. ફરીયાદ પક્ષે નીચે મુજબની દલીલો થયેલ છે.

(૧૧) આ કામે ફરીયાદ પક્ષ તરફથી વિ.એડી. પી.પી. શ્રી દ્વારા મૌખિક દલીલ કરવામાં આવેલી છે, તેમાં તેઓએ ફરીયાદીના પુરાવા ઉપર ભાર આપી ફરીયાદીએ તેમના પુરાવામાં બનાવની સંપૂર્ણ

હકીકતને સમર્થન કરેલ છે. આરોપીએ અન્ય સહ આરોપીઓ સાથે મળી જઇ છરીથી હુમલો કરી ઈજા પહોંચાડી ખૂન કરવાની કોશિષ કરેલ છે અને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરેલ છે. તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોઇ ચાર્જશીટ દાખલ કરેલ છે. આરોપી સામેનો ગુન્હો આ કામે રજુ થયેલ પુરાવા આધારે સાબિત થતો હોય તેવા સંજોગોમાં સરકારી વકીલશ્રી આરોપીને તકસીરવાન ઠેરવવા અરજ કરેલ છે.

(૧૨) આ કામે બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રી એમ.આર.વૈધનાએ એવી મૌખિક દલીલ કરેલ છે કે, આ કામે એક માત્ર ફરીયાદીને તપાસવામાં આવેલા છે અને તેઓએ પણ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી અને તપાસ કરનાર અધિકારી દ્વારા ફરજને અનુરૂપ તપાસ કરેલ છે પરંતુ આ કામે જયારે ફરીયાદીએ પોતે ફરીયાદ મુજબના કોઇ બનાવ વિશે જણાવતા નથી કે સમર્થન આપતા નથી ત્યારે ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઇ બનાવ બન્યાનુ ફલિત થતુ ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

<u>**ફરીયાદ પક્ષનો પુરાવો :-**</u>

(૧૩) આ કામે ફરીયાદ પક્ષે આંક- ૧૧ થી સાહેદ નં.૧ ફરીયાદી સિધ્ધાર્થ રાજેન્દ્રકુમાર ચુડગરને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓ ઘરેથી હોન્ડા સીટી ગાડી લઇને તેમની પત્નિ પ્રિયલને નોકરી પર મુકી પરત ઘરે આવેલ ત્યાં તેમની ગાડી રો હાઉસના ઝાંપાની લાઇનમાં પાર્ક કરીને ચાલતા ચાલતા શ્યામસુંદર રો હાઉસના ઝાંપાની બાજુમાંથી પસાર થતા હતા તે સમયે તેમની પાછળ મોટરસાયકલ ઉપર બે અજાણ્યા ઇસમો આવેલા તેમની સાથે સામાન્ય બોલાચાલી થયેલી અને ત્યારબાદ તે

બંને જણા મોટરસાયકલ લઈને જતા રહેલા તેથી મોટરસાયકલનો નંબર જોયેલ નહી અને તે ઈસમો કેટલા વર્ષના હશે અને કેવા કપડા પહેરેલા તેનો ખ્યાલ નથી. વધુમાં જણાવેલ છે કે તેઓ ખુબ જ ડરી ગયેલ હોય બંને જણા વિરૂધ્ધ ફરીયાદ આપેલી જે ફરીયાદમાં તેમની સહી હોવાનુ ઓળખી બતાવે છે જે આંક–૧૨ થી રજુ થયેલ છે. વધુમાં જણાવે છે કે, તેમને મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકે નહી તેમજ તેઓએ કોઈ સારવાર લીધેલી નહી તેવી હકીકત જણાવતા ફરીયાદ પક્ષે સદર ફરીયાદી સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં કોઈ સમર્થનકારી હકીકત નીકળી આવેલ નથી તેમજ બચાવ પક્ષે ઉલટ તપાસમાં એવી હકીકત સ્વીકારેલ છે કે, હાલના આરોપી દેવદત્ત જોડે કોઈ બોલાચાલી, ઝઘડો કે તકરાર થયેલી નથી.

(૧૪) આ કામે ફરીયાદ પક્ષે સાહેદ નં.૨ તપાસ કરનાર અધિકારી મુકતાબેન ભાલચંદ્ર મિસ્ત્રીનાઓને આંક–૨૬ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમના મૌખિક પુરાવામાં તા.૨૫/૦૩/૨૨ નારોજ તેઓ ઘાટલોડિયા પો.સ્ટે. ખાતે પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પો.ઈ. વાઘેલા દાહોદ કોર્ટમાં મુદતે ગયેલ ત્યારે તેઓની સુચનાથી સદર ગુન્હાની તપાસ સંભાળી લઈ સાહેદોના નિવેદન નોંધેલા અને તપાસ પરત સોંપેલ.

સદર સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ લેવામાં આવેલ છે, જેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, આ કેસની તપાસ તેમણે ફકત એક જ દિવસ કરેલ અને સાક્ષીઓના નિવેદન લીધા સિવાય બીજી કોઈ તપાસ કરેલ નથી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પો.સ્ટે. માં બેસીને સાક્ષીઓના નિવેદન લખેલ અને બનાવવાળી જગ્યાએ તપાસ કરવા ગયેલ નથી.

(૧૫) આ કામે ફરીયાદ પક્ષે સાહેદ નં.૩ તરીકે તપાસ કરનાર અધિકારી શ્રી યુવરાજસિંહ રણજીતસિંહ વાઘેલાને આંક–૨૮ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, સને ૨૦૨૨ ની સાલમાં તેઓ ઘાટલોડિયા પો.સ્ટે. ખાતે પી.આઇ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદી સિધ્ધાર્થ રાજેન્દ્રકુમાર ચુડગરની ફરીયાદ પી.એસ.આઇ. ગામીતના રૂબરૂની લખાઇ આવતા તેને પી.એસ.ઓ. એ નોંધી તપાસ તેમને સોંપતા તેમણે તપાસ સંભાળી લીધેલ અને બીજા દિવસે તપાસ પી.એસ.આઇ. મિસ્ત્રીને સોંપેલ અને તેમણે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ અને આ કામે ફરીયાદીનુ બ્લડ સેમ્પલ પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરી પંચનામુ કરેલ અને આરોપી મળી આવતા ન હોય, તેના મોબાઇલ લોકેશન તથા સીડીઆર કઢાવવા માટે ટેલીકોમ કંપનીઓને યાદી આપેલ તેમજ આરોપી મળી નહી આવતા સી.આર.પી.સી. કલમ–૭૦ મુજબનુ વોરંટ કઢાવવા નામ.કોર્ટમાં અરજી આપેલ અને તેઓની બદલી થતા આગળની તપાસ આર.જે.ચૌધરીને સોંપેલ.

સદર સાહેદની બચાવ પક્ષ તરફે ઉલટ તપાસ લેવામાં આવેલ છે, જેમાં તેઓએ નિવેદન જાતે લખી લીધેલ છે અને પંચનામા તૈયાર કરી ફકત પંચોની સહીઓ લીધેલી છે તે હકીકતનો ઇન્કાર કરેલ છે.

(૧૬) આ કામે ફરીયાદ પક્ષે સાહેદ નં.૪ તપાસ કરનાર અધિકારી શ્રી રામજી જીવાજી ચૌધરીનાઓને આંક–૨૯ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧/૧૦/૨૨ નારોજ તેઓએ ઘાટલોડિયા પો.સ્ટે. ખાતે હાજર થઇ સદર ગુન્હાની તપાસ સંભાળી લીધેલી ત્યારે આરોપી અટક કરવાના બાકી હતા અને શોધખોળ કરતા આરોપી નામ.કોર્ટમાં હાજર થતા, આરોપીની ધરપકડ

કરી લાગતા વળગતા સાહેદોના નિવેદન મેળવી, આરોપી વિરૂધ્ધ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. વધુમાં જણાવેલ છે કે, આરોપીની શરીરસ્થિતીનું પંચનામુ પંચોની રૂબરૂમાં કરેલ અને બે પંચોની અને રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવી આંક–૩૦ થી પંચનામુ રજુ કરેલ છે. વધુમાં નિ.ર/૧પ વાળુ જાહેરનામુ સામેલ રાખેલ તેને આંક–૩૧ થી રજુ કરેલ છે. વધુમાં સુચિપત્ર પી.એસ.આઇ. ગામીતે તૈયાર કરેલાનુ જણાવી તેમની સહી ઓળખી બતાવી આંક–૩ર થી રજુ કરેલ છે.

બચાવ પક્ષ તરફે સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે અને તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તપાસ દરમ્યાન સાહેદોના નિવેદન જાતે લખેલ છે અને પંચનામા જાતે તૈયાર કરી ફકત સહી લીધેલી છે અને પુરાવા ના હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે અને આરોપીને ખોટી રીતે ઓળખી બતાવે છે.

**<u>સમગ્ર પુરાવાની ચર્ચા અને વિશ્લેષણનો સારાંશ :–</u>**

(૧૭) આ કામે ફરીયાદ પક્ષે એક ફરીયાદી તથા તપાસ કરનાર અધિકારીનો જ પુરાવો નોંધવામાં આવેલ છે, તે રજુ થયેલ સમગ્ર પુરાવો જોઈએ તો, આંક–૧૧ થી ફરીયાદી સિધ્ધાર્થ રાજેન્દ્રકુમાર ચુડગરનાએ તેમના મૌખિક પુરાવામાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ બનાવના દિવસે તેમના પત્નિને નોકરી પર મુકીને પરત આવતા હતા ત્યારે અજાણ્યા બાઈક ચાલકો સાથે શ્યામસુંદર રો હાઉસના ઝાંપા પાસે સામાન્ય બોલાચાલીનો બનાવ બનેલ તેમજ તેઓએ મોટરસાયકલનો નંબર જોયેલ નથી. વધુમાં ફરીયાદીએ અજાણ્યા માણસો કોણ હતા તેમજ તેઓ ઓળખતા હોય તે વિશે કોઈ જ હકીકત જણાવેલ નથી તેમજ ફરીયાદમાં જણાવ્યા મુજબ હાલના આરોપી સાથે કોઈ બનાવ બનેલ હોય તેવી પણ કોઈ હકીકત જણાવેલ નથી. આમ, ખુદ ફરીયાદી

તેમના આંક–૧૧ વાળા મૌખિક પુરાવામાં આંક–૧૨ વાળી ફરીયાદ મુજબની કોઇ જ હકીકત જણાવતા નથી અને ફરીયાદ પક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે, તેઓના મૌખિક પુરાવાથી ફરીયાદની હકીકતને કોઇ જ સમર્થન પ્રાપ્ત થયેલ નથી.

(૧૮) આ કામે તપાસ કરનાર અધિકારીઓનો પુરાવો નોંધવામાં આવેલ છે અને તેઓએ પોતાની ફરજના ભાગ રૂપ સદર ગુન્હો નોંધાતા તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધેલ, પંચનામાની કાર્યવાહી કરેલ તેમજ આરોપીની શોધખોળ કરવા છતાં ન મળી આવતા, આરોપીના મોબાઇલ નંબરના સીડીઆર મેળવવા તજવીજ કરેલ અને અંતમાં આરોપી નામ. કોર્ટ સમક્ષ હાજર થતા તેની ધરપકડ કરેલ છે તેવી તમામ કાર્યવાહી નિષ્પક્ષ રીતે કરેલ છે. પરંતુ આ કામે આગળ ઉપર ચર્ચા કરી તે મુજબ હાલના આરોપીએ ફરીયાદીને છરાથી ઘા કરી ઈજા પહોંચાડેલ હોય તેવી કોઇ જ હકીકત જણાવેલ નથી અને તેઓને અજાણ્યા ઈસમો સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનુ જ જણાવેલ છે અને આ કેસમાં રજુ કરવામાં આવેલ સાહેદોના મૌખિક પુરાવા આધારે સમગ્રપણે મૂલ્યાંકન કરવામાં આવે તો રેકર્ડ પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આ કામના તપાસ કરનાર અધિકારી દ્વારા તેઓએ તપાસ દરમ્યાન જે કોઇ પણ કાર્યવાહી કરેલ છે, તે વિગતોનુ તેમની જુબાનીમાં વર્ણન કરેલ છે તથા આ કામે કરવામાં આવેલ તમામ પંચનામા તેઓએ પંચોની રૂબરૂમાં તેમના લખાવ્યા મુજબ કરેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ, આ કામે કોઇ પંચસાહેદોના મૌખિક પુરાવા નોંધવામાં આવેલા નથી. વધુમાં, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી/ઈજા પામનાર દ્વારા તેમની જુબાનીથી ફરીયાદ પક્ષના કેસની મહત્વની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને આ કામના આરોપીને સદર ગુન્હામાં

સાંકળતી કોઈ હકીકતો તેમની જુબાનીમાં જણાવેલ નથી. તે સંજોગોમાં પણ માત્ર તપાસ કરનાર અધિકારીઓની જુબાની આધારે આ કામના આરોપીને હાલના ગુન્હાના કામે સાંકળી તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાના આધારે આ કામના આરોપીએ ઈજા પામનાર સિધ્ધાર્થ રાજેન્દ્રકુમાર ચુડગરને ફરીયાદ પક્ષના કથન મુજબ છરાથી જીવલેણ ઈજા પહોંચાડી ખૂન કરવાની કોશિષ કરેલ હોય કે ફરીયાદીને સ્વેચ્છાપૂર્વક વ્યથા કે ભયંકર હથિયાર વડે સ્વેચ્છાપૂર્વક વ્યથા કે મહાવ્યથા પહોંચાડી ફરીયાદીને ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૭, ૩૨૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે, તે હકીકત નિ:શંકપણે સાબિત થતી નથી.

(૧૯) વધુમાં, આ કામના આરોપી સામે જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબના ગુન્હાનો પણ આક્ષેપ છે. પરંતુ, આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષે સદર ગુન્હામાં આ કામના આરોપી દ્વારા કોઈ હથિયારનો ઉપયોગ થયેલ હતો કે સદર બનાવના સમયે અને સ્થળે આરોપી દ્વારા કોઈ હથિયારનો ઉપયોગ થયેલ હતો તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ ન હોય, આવી કોઈ હકીકત પણ સાબિત કરવામાં આવેલ ન હોય, ફરીયાદ પક્ષ આ કામના આરોપી સામે જી.પી. એકટ ની કલમ–૧૩૫(૧) મુજબનો ગુન્હો પણ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૨૦) આમ, આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો અને રેકર્ડ પરનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં, આ

કામના આરોપીને તેઓની વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામા બાબતે તકસીરવાન ઠરાવી શકાય નહી. આ કામે ફરીયાદ પક્ષ પોતાનો કેસ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઇ તથા ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્ટના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ હોય મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>: – હુ ક મ – :</u>**

:૧: આ કામના આરોપી દેવદત્ત કલ્પેશભાઇ શાહનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૨ મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૭, ૩૨૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ– ૧૩૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

:૨: આ કામે કબજે કરેલ મુદ્દામાલ નિયમાનુસાર અને કાયદાની જોગવાઇ અનુસાર અપીલ સમય બાદ નિકાલ કરવો.

:૩: આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ– ૪૩૭(એ) ની જોગવાઇઓ અને શરતો મુજબ આરોપીએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ હજાર)ના જાત મુચરકા તથા તેટલી જ રકમના જામીન આજની તારીખથી છ મહિનાના સમયગાળા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

:૪: આ કામના આરોપીના જામીન તથા જાતમુચરકા રદ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૫મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૫/૦૩/૨૦૨૬

(દિપેન દિલીપકુમાર બુધ્ધદેવ)
ચોથા એડીશ્નલ સેશન્સ જજ,
અમદાવાદ (ગ્રામ્ય) નવરંગપુરા
Code No. GJ-00612